# રાવણનો મહેલ - તેની શોભા

ભમરાજી ચમનાજી ચૌધરી
ઈતિહાસ વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

મહાબળવાન કપિવાર હનુમાને વૈડુર્યમણિ થી જ જડેલી સુવર્ણની જાળીઓવાળા અને વર્ષો ઋતુ વિષે વીજળી તથા પક્ષીઓ સહિત ચઢી આવેલા મેઘ સરખા દેખાતા રાવણના રાજમહેલ ને જોયા પછી તેના અંદરના ભાગમાં પ્રવેશ કર્યો. ત્યાં આગળ ઉત્તમ શંખ, આયુધો અને ધનુષ્ય વગેરેથી શોભી રહેલી અનેક પ્રકારની નાની નાની શાખાઓ તથા પર્વત સરખા પ્રાસાદશિખરો પર આવેલી અને મનને આનંદ આપે એવી વિશાળ ચંદ્રશાળાઓ તેના જોવામાં આવી. કાઈપણ ખામી વિનાનાં એ રાજગૃહો રાવણે પોતાના બાહુબળથી જ પ્રાપ્ત કરેલા, દેવો અને અસુરોએ પરુજેલ તથા નાના પ્રકારના દ્રવ્યોથી પરિપૂર્ણ હતા. તેને કપિશ્રેષ્ઠ હનુમાને જોયા.[1] પૃથ્વીતળ ઉપર આવેલ સર્વ ગૃહો કરતાં ઉત્તમ રચનાવાળા લંકાધિપતિ રાવણના એ રાજમંદિરો જાણે મયદાનવે પોતાની સઘળી કારીગીરી વાપરીને બનાવ્યા હોય એવા દેખાતા હતા તે હનુમાનના જોવામાં આવ્યા. આગળ ચાલતા ચઢી આવેલ મેઘ સરખા દેખાવ વાળું, મનને આનંદ આપે એવું અને સુવર્ણથી શણગારેલું રાક્ષસાધિપતિ રાવણનું અનુપમ ભવન હનુમાનની દ્રષ્ટિએ પડ્યું એ ભવન ખાસ રાવણ માટેજ હતું. અનેક રત્નોથી કાંતિ વડે ઝળહળતું અને નાના પ્રકારના પુષ્પો વડે છવાયેલું એ રાજભવન જાણે પૃથ્વી પર ઉતરી આવેલું સ્વર્ગ જ હોય કિવા પુષ્પોના પરાગથી ઢંકાયેલુ કોઈ પર્વતનુ શિખર જ હોય એવું શોભતું હતું. સુંદર અંગવાળી શોભી રહેલું એ રાજભવન વીજળીઓથી શોભતા મેઘ સરખું પ્રકાશતું હતું. તથા અત્યંત ઉંચું હોવાને લીધે એ ભવન શ્રેષ્ઠ હંસોથી આકાશમાં વહન કરતાં સુંદર વિમાન જેવુ શોભતું હતું. એવા અનુપમ રાજભવનને નિહાળતા કપિવર હનુમાને ત્યાં પડેલું પુષ્પક વિમાન દીઠું એ વિમાન અનેક પ્રકારના રત્નોથી જડેલું હોવાને લીધે નાના પ્રકારની ધાતુઓથી ચિત્રવિચિત્ર જણાતા પર્વત શિખર જેવુ કિવા અનેક ગ્રહો અને ચંદ્રમાથી ચિત્રિત જણાતા આકાશ જેવુ અથવા જુદા જુદા રંગવાળા મેઘમંડળ જેવુ જણાતું હતું. એ વિમાનમાં શોભા માટે સ્થળે પર્વતો બનાવેલ હતા એ પર્વતોને વૃક્ષસમૂહોને પુષ્પગુચ્છોથી અલંકૃત કર્યા હતા.[2] અને એ પુષ્પગુચ્છોથી અલંકૃત કર્યા હતા. અને એ પુષ્પગુચ્છોથી પરાગરજની પૂર્ણ કરી દીધા હતા. વળી એ પુષ્પક વિમાનમાં શ્વેત મંદિરો પુષ્પો વાળી નાની નાની તળાવડીઓ, ચિત્રવિચિત્ર વનો તથા સરોવરો બનાવેલા હતા. અને તે સરોવરોમાં પરાગયુક્ત કમળો પણ ગોઠવ્યા હતા. એ પ્રમાણે અનેક રત્નોની કાંતિથી ઝળહળી રહેલું તથા સર્વ શ્રવિમાનો કરતાં શ્રેષ્ઠ એવું એ પુષ્પક નામનું વિમાન કપિવર હનુમાને જોયું.[3]

ઉત્તમોત્તમ પુષ્પક વિમાન ઉપરાંત રાવણના એ રાજભવનમાં બીજી પણ અનેક શોભાઓ હનુમાનની નજરે પડી ત્યાં ચાંદી પ્રવાલ અને વૈડુર્યમણિથી શણગારેલા અનેક પક્ષીઓ ગોઠવેલા હતા. નાનાં પ્રકારની ધાતુઓથી

---

[1]. દૂબે બિન્દુ, રામચરિત માનસ બુહત, અન્તર્કથા કોઇ પ્રકાશન વારાણસી, ૨૦૦૦, પૃ. ૨૧૩

[2]. દૂબે બિન્દુ, એજન, પૃ. ૨૨૨

[3]. દૂબે બિન્દુ, પૂર્વોક્ત, પૃ. ૨૨૮

ચિત્રવિચિત્ર સર્પોની આકૃતિઓ સ્થળે સ્થળે ગોઠવેલી હતી. તથા સુંદર અંગવાળા અને સાક્ષાત અશ્વ સરખા દેખાવવાળા કેટલાક કૃત્રિમ અશ્વો પણ ત્યાં ગોઠવ્યા હતા. એ રાજભવનમાં સુવર્ણની પાંખોવાળા તથા આડાંઅવળા વળેલાં પીંછાંવાળા અને સુંદર મુખવાળા પક્ષીઓ કે જે સાક્ષાત કામદેવની પાંખો જેવા જ લાગતાં હતા, તેને પણ કપિવર હનુમાને જોયા. કમળો વડે શોભી રહેલા સરોવરમાં કમળપુષ્પોને ગ્રહણ કરી બેઠેલા શ્રી લક્ષ્મીદેવી ઉપર અભિષેક કરવા માટે પોતાની સૂંઢમાં સુગંધયુક્ત કમળોને ગ્રહણ કરી ઉભેલા હસ્તીઓ પણ ત્યાં ગોઠવેલા હતા.[4]

એવી રીતની અત્યુત્તમ શોભાવાળું રાવણનું રાજભવન જે સુંદર ગુફાઓવાળા પર્વત સરખું અને અત્યંત સુગંધયુક્ત હોવાને લીધે વસંત ઋતુમાં પુષ્પોથી પ્રફૂલિત થયેલા શ્રેષ્ઠ વૃક્ષ જેવુ જણાતું હતું. તેને જોઈ કપિવર હનુમાન અત્યંત વિસ્મિત થયો પછી ત્યાંથી બહાર નીકળી વાયુક્ત હનુમાન રાવણની ભુજાઓથી પાલન કરાતી આખી લંકાનગરીમાં ફરવા લાગ્યો., પરતું પોતાના પતિ શ્રીમાન રામચંદ્રના ગુણોનું કીર્તન કરવાથી જેણે દુખને વિસારે પાડ્યું હતું એવા મહાસતી સીતા કયાય પણ તેના જોવામાં આવ્યા નહીં. તેથી કપિવર હનુમાન અત્યંત દુખી થયો.,[5]

## રાવણનો મહેલ - રાણીવાસ

રાક્ષસેન્દ્ર રાવણના વિશાળ રાજમહેલમાં આવેલું નિર્મળ, વિશાળ અનેક શાખાઓવાળું, અર્ધોયોજન પહોળું અને એક યોજન લાંબુ એ ખાસ રાજભવન જોઈને કપિવર હનુમાન તેમાં દાખલ થયો અને સીતાને શોધતો ચોમેર ફરવા લાગ્યો.[6] રાક્ષસરાજ રાવણના રાજભવનનું અવલોકન કરતો વાયુસુત હનુમાન છેવટે તેના અંત:પૂર આગળ ગયો એ સ્થળ બે દંતશૂળવાળા, ત્રણ દંતશૂળવાળા તથા ચાર દંતશૂળવાળા હસ્તીઓથી વ્યાપ્ત હોવા છતાં પણ સંકડામણ વિનાનું હતું અને હથિયાર ઉગામીને ઉભેલા બળવાન રાક્ષસો તેનું રક્ષણ કરતાં હતા. અનેક રાક્ષસણીઓ બળે કરીને આણેલી રાજકન્યાઓથી ભરેલું રાવણનું એ અંત:પુરશ નક મગર તિમિંગલ મત્સ્ય તથા સર્પોથી વ્યાત્પ અને વાયુના સપાટાને લીધે ઊછળી રહેલા સમુદ્ર સરખું દેખાતું હતું. જે લક્ષ્મી કુબેરચંદ્ર અને ઈન્દ્રના ભવનોમાં રહેલી છે, તે લક્ષ્મી રાવણના મહેલમાં નિરંતર અભિચ્છિત્રપણે વસતી હતી. જે સમૃધ્ધિ કુબેર, યમ ને વરૂણનાં ગૃહોમાં રહેલી છે તેવી કિંવા તે કરતાં પણ અધિક સમૃધ્ધિ લંકાનગરીમાં રાક્ષસોના ગૃહોમાં દેખાતી હતી.[7] અંત:પૂરની શોભા જોતાં જોતાં કપીકુંજર હનુમાન ત્યાં ફરતો હતો. એટલામાં એક સ્થળે અનેક પ્રકારના રત્નોથી શણગારેલું અને કૃત્રિમ હાથીઓની પ્રતિમાઓવાળું દિવ્ય પુષ્પક વિમાન પણ ત્યાં પડ્યું હતું. મધ્યાહનના સૂર્ય સરખા પ્રકાશવાળું એ વિમાન પવિત્ર સુગંધવાળા અને સુવર્ણ સંમાનપીળા તથા રાતા ચંદન વડે ચર્ચિત હતું. તુરંત પુષ્પક વિમાન પરથી નીચે ઉતરીને વાયુસુત હનુમાન થોડુક આગળ ચાલ્યો., એટલે રાવણનું વિશાળ શયનગૃહ તેને જોવામાં આવ્યું. મનીમયી પગથિયાંવાળું અને સુવર્ણના જાળિયા વાળુંએ શયનગૃહ મનોહર સ્વરૂપવાળી સુંદરીની પેઠે શોભતું હતું.[8] તેની ભૂમિ સ્ફટિકમણિથી જડેલી હતી. અને તેના વચ્ચે વચ્ચે

---

4. દૂબે બિન્દુ, બિન્દુ ઉપરોક્ત, પૃ. ૨૭૦
5. દૂબે બિન્દુ, એજન, પૃ. ૨૬૮
6. દૂબે બિન્દુ, દૂબે પૂર્વાકન, પૃ. ૨૫૧ -૪૨૫૬
7. દૂબે બિન્દુ, ઉપરોક્ત, પૃ. ૧૧૮ વી. ૨૨૨
8. દૂબે બિન્દુ, દૂબે પૂર્વાકન, પૃ. ૨૫૧ - ૪૨૫૬

હાથી દાંત મુકતાફળ વજા પર વાળા ચાંદી તથા સુવર્ણ વગેરેથી જુદાજુદા ચિત્રો પાડેલ હતા. એ શયનગૃહ સમાન સીધા અને અત્યંત ઊંચા એવા અનેક સ્તંભોથી શોભી રહ્યું હતું તે સ્તંભો ઘણા જ ઉંચા હોવાને લીધે તે ગૃહ જાણે પાંખો વડે આકાશમાં ઉડવાને ઉધુક્ત થયું હોય એવું જણાતું હતું તેમજ પર્વતો, નદીઓ, વનો, સમુદ્રો, દ્વીપો, નગરો તથા ગ્રામો વગેરે ભરેલી આખી પૃથ્વીનું દ્રશ્ય જેના પર ચિતરવામાં આવ્યું હતું, એવું મોટું પાથરણું તેમાં પાથરેલું હતું તેથી તેથી તે અનેક દેશો અનેક ગ્રામોથી ભરેલી વિશાળ પૃથ્વી સરખું જણાતું હતું. રાવણનું એ શયન ગૃહ મદમત પક્ષીઓના કલરવથી ગાજી રહ્યું હતું. તેમાં દિવ્ય સુગંધી પદાર્થોની સુવાસ મહેકી રહી હતી. વેદિકાઓ પર વિવિધ રંગના અમુલ્ય પાથરણાં પાથરેલા હતા તે શયનગૃહ હંસ સરખું ધવલ છતાં અગરૂ વગેરેના ધૂપને લીધે ધુસરવણ જણાતું હતું લતાઓના પત્રો તથા પુષ્પો વડે અલંકૃત હતું સુંદર કાંતિવાળું હોવાને લીધે વશિષ્ટ મુનિની સબલા નામની ગાયનીપેઠે મનને અતિ હર્ષ ઉપજાવતું હતું તેમાં પ્રવેશ કરનારના શરીરની કાંતિ ઉત્તેજિત થતી હતી અને જાણે સાક્ષાત લક્ષ્મીનું ઉત્પતિસ્થાન જ હોય એવું દેખાતું હતું.[9]

ઉત્તમ શોભાવાળું અને સર્વ શોકને શમાવનારુ રાક્ષસેન્દ્ર રાવણનું દિવ્ય શયન ગૃહ જોઈને પુત્ર જેમ માતાને જોઈ આનંદ પામે તેમ કપિવર હનુમાન આનંદ પામ્યો અને તેની પાંચે ઇન્દ્રિઓ પાંચે વિષયોથી તૃપ્ત થઈ અર્થાત વાજીન્ત્રોના શબ્દ શીતળ વાયુનો સ્પર્શ ઉત્તમ સ્ત્રીઓના રૂપ અનેક જાતના ભક્ષ્ય પદાર્થોના રસ થતાં પુષ્પાદિની સુગંધથી અનુક્રમે હનુમાનની કર્ણ ત્વચા નેત્ર જિહવા અને નાશિકા એ પાંચ ઇન્દ્રિઓ સંતુષ્ટ થઈ કપિવર હનુમાન અહો આ તે સ્વર્ગ હશે કે દેવોનું વિહારસ્થાન હશે અહો આ ઇન્દ્રની અમરાવતી હશે તે સિધ્ધ લોકોની ઉત્તમોત્તમ સિધ્ધિ હશે.[10] એમ વિચારવા લાગ્યો જેમ કોઈ મહાન ધૃતથી ઠગાયેલી નાનો ધૃત ઉદાસી બની જાય, તેમ એ શયનગૃહના સુવર્ણ ગૃહના સ્તંભો પર મૂકેલા દિપકો વેળા રાવણના તેજથી નિસ્તેજ થઈ ગયા કપિવર હનુમાન તેની ઉદાસીન સરખા નિસ્તેજ દીઠા તે સમયે વાયુસુત હનુમાન દિપકોના પ્રકાશથી રાવણના તેજથી તથા અભુક્ષણોની કાંતિથી એ શયનગૃહને પ્રજવલીત થયેલું માનવા લાગ્યો કપિકુજર હનુમાને બીજી તરફ દ્રષ્ટિ કરી જોયું તો રંગબેરંગી ગાલીચાઓ ઉપર રાત્રિની ક્રિડા કરી રહ્યા બાદ સૂતેલી નાના પ્રકારના રંગવાળા વસ્ત્રો તથા પુષ્પ માળાઓને ધારણ કરનારી અનેક પ્રકારના શબ્દ થતો ન હતો. તેથી એ ગૃહ શબ્દ નહી ઉચ્ચારકનારા હંસો તથા બ્રાહ્મણોવાળા કમળવન સરખુ શોભતુ હતુ કપિશ્રેષ્ઠ હનુમાન નિદ્રાવશ થઈ સુતેલી એ સ્ત્રીઓના બીડેલા હોઠવાળા મીચેલી આંખોવાળા અને કમળ સરખી સુગંધવાળા મુખ મંડળો જોઈ વિચાર કરવા લાગ્યા અહો આ સ્ત્રીઓના મુખ ખરેખર દિવસે ઉગરતી પાંખડીયા વાળા અને રાત્રે બિડાઈ જતી પાંખડિયોવાળા કમળો સરખા શોભે છે. અરે એટલુ જ નહીં પણ તેમાં કમળ સરખી સુગંધ હોવાને લીધે તે કમળ સરખા જ છે. અને મંદમત ભામણો જેમ કમળોને ઈચ્છે છે. તેમ અવશ્ય પણ આ સ્ત્રીઓના મુખ મંડળોને પણ તે વારંવાર ઈચ્છતા હશે.[11]

જેમ શરદઋતુનું નિર્માણ આકાશ વિખરાયેલા તારાઓથી શોભે છે. તેમ રાવણનું શયનગૃહ આમતેમ સુતેલી સ્ત્રીઓથી શોભી રહેલું હતું અને જેવી રીતે તારાઓથી વિટાયેલો શ્રીમાન ચંદ્ર શોભે છે તેમ સ્ત્રીઓથી વિટાયેલી રાક્ષસેન્દ્ર રાવણ શોભી રહ્યો હતો. રાવણની આસપાસ પડેલી સ્ત્રીઓને જોઈ કપિવર હનુમાને પોતાના મનમાં

---

9. ભારતનું ભૂગોળ, એજન પૃ.

10. દૂબે બિન્દુ, રામચરિત માનસ બુહત, અન્તર્કથા કોઇ પ્રકાશન વારાણસી, ૨૦૦૦, પૃ. ૨૨૩

11. સાંકળીયા હસમુખ ધી., પુરાતત્ત્વ અને રામાયણ ગુ.વિ. અમદાવાદ, ૧૮૭૩, પૃ. ૨૬

એમજ માનવા લાગ્યો જેમનું પુણ્ય બાકી રહ્યું છે તેવા જે જે તારાઓ આકાશમાથી ભરે છે. તે સર્વ આ સ્ત્રીઓ રૂપે અહિયાં પડ્યા હશે કેમ કે આ સર્વ સ્ત્રીઓની કાંતિવર્ણ અને નિર્મણ પણું અત્યાદિ શોભા ચળગતા તારાઓના સરખી જ છે. મધપાન કર્યા પછી પ્રવૃત થયેલ ગાન નૃત્ય અને રાત્રિક્રિડાના પરીક્ષમથી ક્ષમિક થવાને લીધે ઘાડનિંદ્રામાં પડેલી સ્ત્રીઓમાની કેટલીકના કેશ છુટી ગયા હતા કેટલીકના ચંદ્ર હાર તૂટી પડ્યા હતા કેટલીકના ઉત્તમ આભૂષણો વિખરાઈ ગયા હતા. કેટલીકના લલાટમાના ચાંદલા લૂછાઇ ગયા હતા કેટલીકના પગમાના નુપુરો નિકળી પડ્યા હતા.[12] અને કેટલીકના કંથમાના સુવર્ણહાર નિકળીને તેમના પડખામાં જ પડ્યા હતા. જેમના મોતીના હાર તુટી ગયા હતા તથા શરીર પરના વસ્ત્રો પર ખસી ગયા હતા એવી કેટલીક સ્ત્રીઓના પલાન કર્યા પછી શ્રમ ઉતારવા માટે છોડી નાખેલ સાજવાળી ઘોડીઓ સરખી જણાતી હતી તેમના કુંડલ તુટી ગયા અને પુષ્પમાળાઓ છિન્નભિન્ન થઈ ચોળાઈ ગઈ હતી એવી કેટલીક સ્ત્રીઓ અરણ્યમાં હસ્તીએ મર્દન કરેલી પ્રફુલિત લતાના જેવી દેખાતી હતી. કેટલીક સ્ત્રીઓના ચંદ્ર સમાન ધોળા મોતીના હારકંડમાથી નીકળીને તેમના બંને સ્તનોની વચ્ચે પડેલા હતા. જેથી તે હાર સૂતેલા હંસ સરખા શોભતા હતા. જેથી તે હાર સુતેલા હંસ સરખા શોભતા હતા. કેટલીક સ્ત્રીઓના કંઠમાથી નીકળી ગયેલા વૈડુર્યમણિના હાર તેમના બંને સ્તનો વચ્ચે પડેલા હોવાથી કાદંબ પક્ષી સરખા જણતા હતાં. વળી કેટલીક સ્ત્રીઓનાં કંઠમાથી નીકળી ગયેલા સુવર્ણહાર તેમના બંને સ્તનો વચ્ચે પડેલા હોવાથી ચક્રવાક જેવા શોભતા હતા. મુક્તાહારરૂપી હંસોથી વૈડુર્યહારરૂપી કારંડવોથી સુવર્ણહારરૂપી ચક્રવાકોથી અને જઘનરૂપી તટોથી રમણીય જણાતી એ સ્ત્રીઓ હંસ કારંડવ અને ચક્રવાક વગેરે પક્ષીઓથી તથા તટોથી રમ્ય જણાતી નદીઓ સરખી શોભતી હતી. બિડાયેલા નેત્રરૂપી તરંગોવાળી, સુવર્ણભૂષાણોવાળી કમળોવાળી, કામવિલાસરૂપી મગરવાળી અને ચોમેર પ્રસરેલા પ્રકાશરૂપી તટવાળી એ સ્ત્રીઓ જાણે સ્તબ્ધ થયેલી નદીઓ જ હોય એવી શોભતી હતી. ક્રિડા કરતી વેળા મર્દન થવાને લીધે કેટલીક સ્ત્રીઓના સ્તનો તથા કોમળ અંગો ઉપર પડેલા આભૂષણોના આકાર-રેખાઓ ઉત્તમ આભૂષણો જેવી શોભા આપતા હતા. કેટલીક સ્ત્રીઓના મુખ પર પડેલા વસ્ત્રના છેડાઓ પાલવો તેમના જ મુખમાથી નીકળતા શ્વાસને લીધે વારંવાર ઉડીઉડીને પાછા તેમના મુખ ઉપર પડતાં હતાં.[13] તેથી તેઓ જાણે નાના પ્રકારના વર્ણવાળા સુવર્ણ-તંતુઓથી બનાવેલી ઉડતી ધજાઓ હોય એવી રીતે શોભતા હતાં. સુંદરકાંતિવાળી કેટલીક સ્ત્રીઓના કુંડળો પાસે સુતેલી બીજી સ્ત્રીઓના મુખમાથી નીકળતા શ્વાચ્છોશ્વાસથી મંદમંદ કંપાયમાન થતાં હતાં. એ સ્ત્રીઓના મુખમાથી નીકળતો શર્કરા અને આસવના ગંદવાળો વિશ્વાસ એ જે સ્વભાવે કરીને સુગંધમય અને સુખકર હતો. તે સમયે રાક્ષસરાજ રાવણનું સેવન કરી રહ્યો હતો નિંદ્રાવશ પડેલી કેટલીક સ્ત્રીઓ પોતાના પતિ રાવણના મુખની ભ્રાતિથી પોતાના પડખામાં સુતેલી સપત્નીઓ (શોક) ના મુખને પુન:પુન: સૂંઘતી હતી ત્યારે રાવણ પ્રત્યે અત્યંત આશક્ત થયેલી મનવાળી એ ઉત્તમ સ્ત્રીઓ મધપાન કરવાથી પરવશ-બેભાન થયેલી હોવાને લીધે પોતાનું મુખ સુઘનાળી પોતાની શોક પર ઈર્ષ્યા ન ધરતા તેને રાવણ સમજીને જ તેમનું પ્રિય કરતી હતી.[14]

કેટલીક સ્ત્રીઓ સુંદર કંકણવાળા પોતાના હસ્તોના ઉશીકાં કરીને સૂતી હતી. ત્યારે કેટલીક સ્ત્રીઓ પોતાના જ વસ્ત્રોના જ ઉશીકા બનાવીને સૂતી હતી. એ સ્ત્રીઓમાની કોઈક સ્ત્રી અન્ય સ્ત્રીના વક્ષ:સ્થળ પર તો કોઈક સ્ત્રી બીજી સ્ત્રીની ભુજા પર કોઈક બીજીના સાથળ પર તો કોઈક અન્યના પડખામાં અને કોઈક કોઈની કમ્મર

[12]. શ્રી સાંકળીયા, એજન, પૃ. ૨૬

[13]. સાંકળીયા, પૂર્વજન, પૃ. ૨૪

[14]. ભારતની ભૂગોળ, (ભૌગોલિક વિભાગો), યુનિ. ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ, પૃ. ૭૬

પર, તો કોઈ બીજી એકાદીની પીઠ પર મસ્તક મૂકી નિંદ્રાવસ્ત થયેલી હતી. એ પ્રમાણે મદ અને સ્નેહને લીધે પ્રરાધીન બનેલી એ સ્ત્રીઓ એકબીજીના અંગોના સ્પર્શ કરીને તથા એકબીજીના શરીર આનંદ પૂર્વક સુતી હતી. પરસ્પરની ભુજાઓ રૂપી સૂત્રવડે ગૂંથયેલી એ સ્ત્રીઓની માળા ભ્રમરોના ગુજારવવાળી અને સૂત્રમાં પરોવેલા પુષ્પોની માળા પરથી શોભતી હતી. વૈશાખ માસમાં પવનના સપાટામાથી હલ મળી જવાના લીધે પરસ્પર ગૂંથાઈ ગયેલી મોટા વૃક્ષોના દાડાને વીટાંઈ રહેલી અને ભ્રમરો વડે છવાઈ ગયેલી પુષ્પોવાળી લતાઓનું વન જેવી શોભે છે. તેવું જ રાવણનું સ્ત્રી મંડળ શોધી રહ્યું હતું. જો એ સ્ત્રીઓ આભૂષણો વસ્ત્રો અને માળાઓ યથા યોગ્ય સ્થાને પડ્યા હતાં.[15] તો પણ તેમાથી કયું આભૂષણ કઈ સ્ત્રી છે એ બાબતનો નિર્ણય કરવો અશક્ય હતો કેમ કે સઘળા આભૂષણો એકજ પ્રકારના હતાં. અને સ્ત્રીઓ પણ એકબીજીને અડકીને સુતેલી હતી. આમ રાવણ જ્યારે સુખ પૂર્વક સૂતો હતો ત્યારે ત્યાના સુવર્ણ દિપકો જાણે તેની સુતેલી સ્ત્રીઓને અનિમેશપણે જોતાં હોય. એમ સ્તબ્ધ થઈ જળહળી રહ્યા હતાં. એ સ્ત્રીઓમાં કેટલીક રાજશ્રીઓની કેટલીક બ્રાહ્મણોની કેટલીક દૈત્યોની કેટલીક ગંધર્વોની અને કેટલીક રાક્ષસોની કન્યાઓ હતી. જે રાવણ પર મોહિત થઈ તેને વરી હતી. મહાબળવાન રાવણ યુધ્ધની ઈચ્છાથી કેટલીક સ્ત્રીઓને હરી લાવ્યો હતો. અને કેટલીક તો કામવશ થઈને પોતાની મેળે જ વરી હતી. રાક્ષસરાજ રાવણ એ સ્ત્રીઓમાની એકેયને બળાત્કારથી લાવ્યો ન હતો. પરંતુ તેઓ સર્વ રાવણના બળ અને ગુણોથી લોભાઈને પોતાની જનકનંદિની સીતાને જ તે બળાત્કારે હરી લાવ્યો હતો. એ સર્વ સ્ત્રીઓ રાવણ સિવાય બીજા પુરુષમાં આશક્તિ રાખતી ન હતી. રાવણની સઘળી સ્ત્રીઓ ઉત્તમ ધૂળના જન્મેલી અત્યંત સ્વરૂપવાળી સદગુણ યુક્ત શ્રેષ્ઠ અલંકાર અને વસ્ત્ર આદિથી સજ્જિત ઉત્તમ ભાવનાવાળી અને સ્વામીનો સ્નેહ મેળવનારી હતી.[16]

રાવણની સ્ત્રીઓને જોઈને શુધ્ધ બુદ્ધિવાળા કપિવર હનુમાનના મનમાં વિચાર થઈ આવ્યો. અરે, રાક્ષસોના રાજા રાવણની આ સ્ત્રીઓમાં જો રઘુવીરની ધર્મપત્ની સીતા પણ હશે અને તે મારા જોવામાં આવશે. તો તો રાવણનું ભલુજ થઈ જશે (અર્થાત હું રામચંદ્રની પાસે જઈને તેમને કહિશ કે, ભ્રષ્ટ થયેલી સીતા રાવણ ના રાણીવાસમાં તેની બીજી સ્ત્રીઓની સાથે મારાથી જોવામાં આવી એટલે તેઓ રાવણને હણવાનો વિચાર છોડી દેશે.) એટલો વિચાર થતાં તો વળી હનુમાનનું મન તરતજ પલટાઈ ગયું. અને તે પુન: વિચારવા લાગ્યો: "ના, ના, એવું તો બને જ નહીં. જનકનંદિની સીતા તો અત્યંત શ્રેષ્ઠ ગુણવાળા અને પવિત્રતા છે. રાવણે તેનું કપટથી હરણ કરી અહી આવ્યા છે, એ ઘણું જ અધર્મરૂપ અને અનાર્થ કર્મ છે.[17] રાક્ષસરાજ રાવણના પહોળા કરેલા અને ઈંદ્રધ્વજ સરખા બને હાથ કે જેના પર સુવર્ણના બાજુબંધ બાંધેલા હતાં તે કપિવર હનુમાનના જોવામાં આવ્યા. રાવણના એ બંને હાથ યુધ્ધમાં ઐરાવત હાથીના દંતશૂળની અણીઓથી તથા ઈન્દ્રના વજ્રથી ઉઝરડાયેલા હતાં તથા તેના પર વિષ્ણુ ભગવાનના સુદર્શન ચક્રના ઘાવ પણ પડેલા હતાં. વળી તે હાથ ઘણા સ્થૂળ સમાન અને દઢ ખભાવાળા, બળથી ભરેલા ભરેલા, સુંદર નખ યુક્ત આગળીઓવાળા, સુવર્ણની અંગુઠીઓથી અલંકૃત, પરિઘના સરખા ગોળાકાર હસ્તીની સૂંઢ સમાન ઘાટીલા અને પાંચ ફણાવાળા સર્પની પેઠે લંબાઈને ઉત્તમ શયન વિષે પડેલા હતાં. સુવર્ણના અલંકારો વડે શણગારેલા રાવણના એ બંને હાથ પર સસલાના

[15]. ભારતની નદીઓ, ગુ. યુનિ. અમદાવાદ, પૃ.

[16]. સાંકળીયા હસમુખ, પુરાતત્ત્વ, એજન પૃ. ૨૬,૨૭, ગુ. વિ. અમદાવાદ, ૧૯૭૩, પૃ. ૨

[17]. સાંડેસરા ભોગીલાલ સ્થળનામોનો ઇતિહાસ પુરાતત્ત્વ વિભાગ, એમ. એસ. યુનિ. વડોદરા, ૧૯૮૫, પૃ. ૩૩

રૂધિર સરખું લાલ, અતિશય શીતળ અને અત્યંત સુગંધવાળું અમુલ્ય ચંદન ચર્ચેલું હતું.[18] ઉત્તમ સ્વરૂપવાળી સ્ત્રીઓ નિત્યપ્રતિ સુગંધી તેલ વડે તે હાથનું મર્દન કરતી હતી. અને તે હાથ સંગ્રામ વિષે યક્ષો, સર્પો, ગંધર્વો, દેવતાઓ, તથા દાનવીને 'ત્રાહિ ત્રાહિ' પોકારાવતા હતાં. છત્રપલંગ પર સૂતેલા રાવણના બંને હાથ મંદરાચળની ગુફામાં ક્રોધ પામી સૂતેલા બે સર્પો જેવા જણાતા હતાં. જેમ મોટા મોટા બે શિખરો વડે મંદરાચળ શોભે તેમ ઉપર યુક્ત શોભાવાળા બંને હાથો વડે પર્વત સમાન પ્રૌઢ દેહવાળો રાવણ અત્યંત શોભતો હતો. એ વેળા નિંદ્રાવશ થયેલા રાવણના વિશાળ મુખમાથી ઉત્તમ છયે રસયુક્ત અન્ન તથા પાનના સુગંધથી મળેલો અને આમ્ર, બકુલ તથા પુન્નાગના સરખા સુગંધવાળો શ્વાસોચ્છવાસનો વાયુ જાણે આખા શયનગૃહને પૂરી દેતો હોય એમ જોસબંધ નીકળતો હતો.[19]

એ વેળા મુકતાફલ અને હીરા વગેરે જડેલા હોવાથી ચિત્રવિચિત્ર જણાતો તથા અત્યંત ઝળહળી રહેલો સુવર્ણમય મુકુટ રાવણના મસ્તક પરથી ખસી ગયો હતો. દેદીપ્યમાન કુંડળોથી તેનું મુખ પ્રકાશી રહ્યું હતું. અને રક્તચંદનથી ખરડાયેલો સુશોભિત હાર તેના હષ્ટપુષ્ટ તથા વિશાળ વક્ષ:સ્થળ પર પડ્યો હતો રૂધિર સમાન લાલ નેત્રવાળા રાવણે પીળા રંગનું અને મૂલ્યવાન રેશમી પીતાંબર પહેર્યું હતું. તેનાઅંગ પરનું રેશનમનું શ્વેત ઉતરીય વસ્ત્ર ખસી ગયું હતું. તે અત્યંત શ્યામ હોવાથી અડદના હગલા જેવો દેખાતો હતો અને મોટા સર્પની પેઠે ફુંફાડા મારતો તે શ્વેત શ્યામમાં સૂતેલો હોવાથી ગંગાજળમાં સૂતેલા હાથી સરખો જણાતો હતો. રાવણના છત્રપલંગની ચારે બાજુ આવેલા સ્તંભો પર મૂકેલો દીપકોથી તેના સઘળાં અંગો પ્રકાશિત થઇ રહ્યા હતાં અને તેને લીધે તે વીજળીઓથી પ્રકાશતા મેઘ સરખો શોભતો હતો.

કપિવર હનુમાને મહાત્મા રાવણના શયનગૃહમાં બીજી તરફ દૃષ્ટિ કરી, તો ચંદ્ર સમાન મુખવાળી અને ઉત્તમ કુંડળાદિ આભૂષણોને તથા પ્રફુલિત પુષ્પમાળાઓને ધારણ કરનારી તેની કેટલીક પ્રિય પત્નીઓને તેના ચરણ આગળ સૂતેલી દીઠી નૃત્ય અને વાજિંત્રોમાં કુશળ તથા શ્રેષ્ઠ અલંકારો ધારણ કરનારી કેટલીક સ્ત્રીઓ રાક્ષકેન્દ્ર રાવણના ખોળામાં તથા તેની ભુજાઓ આગળ સૂતેલી હનુમાનના જોવામાં આવી. એ સ્ત્રીઓના કાનમાં વજ્ર અને વૈર્ડૂમણિથી જડેલાં સુવર્ણના કુંડળો શોભી રહ્યા હતા. તથા ભુજાઓ પર બાજુ બંધ પ્રકાશી રહ્યા હતા. તારાઓની જેમ આકાશ શોભે, તેમ તે સ્ત્રીઓનાં ચંદ્ર સરખા પ્રકાશિત મુખમંડળોથી તથા નિર્મળ કુંડળોથી રાવણનું શયનગૃહ શોભી રહ્યું હતું. રાત્રિક્રીડા કરવાથી થાકી થયેલી અને પાતળી કટિવાળી રાક્ષસરાજની સ્ત્રીઓ જ્યાં જગા મળી ત્યાં જ નિંદ્રાધીન થઇ ગઇ હતી. તેમાંથી કેટલીક સ્વરૂપસૌંદર્યવાળી સ્ત્રીઓ તો નિંદ્રાવશ થયા છતાં પણ પોતાના કોમળ અંગોને આમતેમ હલાવતી હોવાથી જાણે નૃત્ય કરતી હોય એવી જણાતી હતી. કોઇક સ્ત્રી વીણાને આલિંગીની સૂઇ રહી હતી. તેથી જાણે મહાનદીના વેગથી અસ્તવ્યસ્ત થયેલી કોઈ કમલિની નાની હોડીના આશ્રયે તણાતી હોય એવી તે જણાતી હતી. શ્યામ નેત્રવાળી કોઇક સ્ત્રી પોતાની સોડમાં મંદુક નામનું વાદ્ય લઇને સૂતેલી કોઇ માતા જ હોય એવી જણાતી હતી. સુંદર સ્વરૂપવાળી અને ઉત્તમ સ્તનવાળી કોઇક સ્ત્રી 'પટહ' નામના વાદ્યને આલિંગન કરી સૂતી હતી. તેથી તે જાણે ઘણા કાળે મળેલા પતિ ને મળેલા પતિને આલિંગને કરી સૂતેલી કોઇ સ્ત્રી જ હોય એવી દેખાતી હોય જેમ કામ પિડિત થયેલી કોઇ સ્ત્રી પોતાના પ્રિય

18. સાંડેસરા, એજન, પૃ. ૮૯, ૯૫

19. પરીખ પ્રવિણચંદ્ર ચિ., ભારતીય પ્રાચીન શિલ્પકલા, ગુ.પૃ.યુનિ, બૉર્ડ અમદાવાદ, પૃ.૩૫

પતિને બાથમાં ઘાલીને સૂઈ રહી હતી. નૃત્ય કરવામાં કુશળ એવી બીજી કોઇ સ્ત્રી વળી 'વિપંચી' નામનું વારદ્ય લઈને સૂતી હતી. તેથી તે પતિની સાથે નિદ્રા વશ થયેલી સ્ત્રીના જેવી દેખાતી હતી. કોઈક સ્ત્રી કોમળ, હષ્ટપુષ્ટ અને મનોહર એવા પોતાના કનક વર્ણો અંગોથી 'મૃદંગ' નામના વાદ્યનું આલિંગન કરી સૂતી હતી. સુરતક્રીડાથી શ્રમિત થયેલી કોઈક કૃશોદારી પોતાની બન્ને ભુજાઓથી ‘પણવ’ નામના વાદ્યને આલિંગન કરી સુતી હતી. જેમ પોતાના નાના બાળક સહિત કોઇક સ્ત્રી પતિને ક્ભેટી સૂઈ રહે તેમ કોઈક સ્ત્રી પોતાની ભૂજાઓ વડે 'ડિડિમ' નામના વારદ્યને ભેટીને તથા એક બાજુ ડિડિમ વાદ્ય પોતાની પીઠ આગળ રાખીને સૂઈ રહી હતી. કમળપત્ર સરખાં નૈત્રવાળી મદમાતી કોઇક સ્ત્રી 'આડંબર' નામના વાદ્યને બાથમાં ઘાલી સૂઈ રહી હતી.[20] કોઈક સ્ત્રી જળ ભરેલો કળશ લઈને સૂતી હતી. અને એ કળશ વાંકો વળી જવાને લીધે તેમાંથી ટપકતા જળ વડે તે ભિંજાતી હતી, તેથી જાણે જળ વડે ભિંજાયેલી પ્રફુલિત લતા હોય એવી શોભતી હતી. નિંદ્રાધીન થયેલી કોઈક સ્ત્રી વળી સુવર્ણકળશ સરખા પોતાના બન્ને સ્તનોને બે હાથ વડે દબાવીને સૂતી હતી. તેમ જ કમળપત્ર સમાન નૈત્રવાળી તથા પૂર્ણિમાના ચંદ્ર સરખા મુખવાળી કોઈક સ્ત્રી ગાઢ નિંદ્રાને લીધે બીજી સ્ત્રીને આલિંગન કરીને જ સૂતી હતી. કામપીડિત સ્ત્રીઓ જેમ કામી પુરુષોને ભેટી શયન કરે, તેમ રાવણની એ સર્વ સ્ત્રીઓ એવી રીતે ભિન્ન ભિન્ન પ્રકારના વાજિંત્રોને ભેટીને સૂતી હતી.

ઉપર વર્ણવેલી સઘળી સ્ત્રીઓના શયનોથી અલગ એકાંતમાં બિછાવેલા સુંદર શયનમાં સૂતેલી કોઇ એક સ્વરૂપ સંપન્ન સ્ત્રી કપિવર હનુમાનની દૃષ્ટિએ પડી એ સ્ત્રી મુક્તાફળ અને મણિ વગેરેનાં આભૂષણોથી સારી રીતે શણગારાયેલી હતી. અને અને પોતાની કાંતિની આભા શયનગૃહને દીપાવી રહી હતી. તે સ્ત્રી ગૌર વર્ણવાળી અને સુવર્ણ સરખી દેદીપ્યમાન કાંતિવાળી હતી. રાવણના અંત:પુરની સર્વ સ્ત્રીઓની તે ઈશ્વરી હતી. સુંદર સ્વરૂપવાળી એ સ્ત્રી બીજી કોઇ જ નહીં, પરંતુ રાવણની પટ્ટરાણી મંદોદરી હતી. કપિશ્રેષ્ઠ હનુમાને તેને રમ્ય શય્યામાં સૂતેલી દીઠી નાના પ્રકારના અલંકારો વડે અલંકૃત થયેલી તથા રૂપ અને યુવાવસ્થાના સૌંદર્યથી શોભતી મંદોદરીને જોઈને મોટી ભૂજાવાળા પવનસુત હનુમાન 'આ સીતા હશે' એમ ધારી પોતાના મનમાં અત્યંત હર્ષિત થયો.[21]

રાવણની પટ્ટરાણી મંદોદરીને સીતા ધારી અત્યંત હર્ષમાં આવેલો કપિવર હનુમાન પોતાનો જાતિસ્વભાવ દેખાડવા લાગ્યો તે વારંવાર પોતાના પૂંછડાને પછાડવા લાગ્યો અને આમ તેમ ફરીને પુન: પુન: પૂંછડાને ચુંબન કરવા લાગ્યો તેમ જ થાંભલા ઉપર ચઢી ચઢીને પૃથ્વી પર પડવા લાગ્યો.

**પાદ નોંધ :**


1. દૂબે બિન્દુ, રામચરિત માનસ બુહત, અન્તર્કથા કોઈ પ્રકાશન વારાણસી, ૨૦૦૦, પૃ. ૨૧૩
2. દૂબે બિન્દુ, એજન, પૃ. ૨૨૨


[20]. પરીખ ઉપરોક્ત, પૃ. ૧૭૬

[21]. પરીખ પૂર્વોક્ત, પૃ. ૨૨૨

3. દૂબે બિન્દુ, પૂર્વોક્ત, પૃ. ૨૨૮
4. દૂબે બિન્દુ, બિન્દુ ઉપરોક્ત, પૃ. ૨૭૦
5. દૂબે બિન્દુ, એજન, પૃ. ૨૬૮
6. દૂબે બિન્દુ, દૂબે પૂર્વાકન, પૃ. ૨૫૧ -૪૨૫૬
7. દૂબે બિન્દુ, ઉપરોક્ત, પૃ. ૧૧૮ વી. ૨૨૨
8. દૂબે બિન્દુ, દૂબે પૂર્વાકન, પૃ. ૨૫૧ - ૪૨૫૬
9. ભારતનું ભૂગોળ, એજન પૃ.
10. દૂબે બિન્દુ, રામચરિત માનસ બુહત, અર્ન્તકથા કોઇ પ્રકાશન વારાણસી, ૨૦૦૦, પૃ. ૨૨૩
11. સાંકળીયા હસમુખ ધી., પુરાતત્ત્વ અને રામાયણ ગુ.વિ. અમદાવાદ,૧૮૭૩, પૃ. ૨૬
12. શ્રી સાંકળીયા, એજન, પૃ. ૨૬
13. સાંકળીયા, પૂર્વજન, પૃ. ૨૪
14. ભારતની ભૂગોળ, (ભૌગોલિક વિભાગો), યુનિ. ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ, પૃ. ૭૬
15. ભારતની નદીઓ, ગુ. યુનિ. અમદાવાદ, પૃ.
16. સાંકળીયા હસમુખ, પુરાતત્ત્વ, એજન પૃ. ૨૬,૨૭, ગુ. વિ.અમદાવાદ, ૧૯૭૩, પૃ. ૨
17. સાંડેસરા ભોગીલાલ સ્થળનામોનો ઈતિહાસ પુરાતત્ત્વ વિભાગ, એમ.એસ. યુનિ. વડોદરા, ૧૯૮૫, પૃ. ૩૩
18. સાંડેસરા, એજન, પૃ. ૮૯, ૯૫
19. પરીખ પ્રવિણચંદ્ર ચિ., ભારતીય પ્રાચીન શિલ્પકલા, ગુ.પૃ.યુનિ, બૉર્ડ અમદાવાદ, પૃ.૩૫
20. પરીખ ઉપરોક્ત, પૃ. ૧૭૬
21. પરીખ પૂર્વોક્ત, પૃ. ૨૨૨

## સંદર્ભ સૂચિ

1. (આદિકવિ મહામૂનિ વાલ્મીકિ વિરચિત વાલ્મીકિ રામાયણ - ભાગ - ૧,૨ સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય - અમદાવાદ - ૧૯૬૭
2. Rama in Ancient Indian Sculpture Anand Prakash Gaur B.R. Publishing Corporation Delhi -2006
3. સાંકળીયા,હસમુખભાઇ ધીરજભાઇ "પુરાતત્ત્વ અને રામાયણ" રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ડેક્કન કૉલેજ - પુના ગુજરાત વિદ્યાપીઠ - અમદાવાદ ૧૪ - ૧૯૭૩
4. દૂબે, બિન્દુ"રામ ચરિત માનસ બૃહદ અન્તર્કથા કોષ કલા પ્રકાશન બી. એચ. યુ. વારાણસી - ૨૦૦૦
5. Majumdar R.C. - History and culture of the Indian People, vols - I - IV Bombay New Delhi 1956.

6. પરીખ, રસિકલાલ અને ડૉ. હરિપ્રસાદ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ ૪, અમદાવાદ - ૧૯૫૨
7. શાહ, પ્રિયબાળા, ભારતીય શિલ્પકલા અને સ્થાપત્ય, અમદાવાદ, ૧૯૮૮
8. સોમપુરા કાંતિલાલ, ભારતીય સ્થાપત્ય અને શિલ્પ, અમદાવાદ, ૧૯૬૫
9. શિવ શંકર ડી. દવે રામાયણ અને નારી પાત્રો પાર્શ્વ પ્રકાશન અમદાવાદ ૨૦૧૨.